# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-ડ/પરવાનગી/૦૯/૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ.
વડોદરા - ૧૮.
તારીખ :-૨૪ ૦૧-૨૦૧૮

પ્રતિ,
શ્રી કિશનચંદ બેલારામ અડવાણી તથા અન્ય
મોજે.સેવાસી
તા.જી.વડોદરા

વિષય :- મોજે સેવાસી, રે.સ.નં.૮૭/૧, બ્લોક.નં.૭૫, ફા.પ્લોટનં.૪૪, ટી.પી.સ્કીમનં.૦૧ (સેવાસી) વાળી જમીનમાં ટાવર એ-બીમાં કુલ-૨૦ દુકાનો તથા કુલ-૩૨ રહેણાંકના ફલેટસ તથા ટાવર ડીમાં કુલ-૨૦ રહેણાંકના ફલેટસ તથા ટાવર ઇ-એફમાં કુલ-૩૦ રહેણાંકના ફલેટસ આમ કુલ-૨૦ વાણિજ્યહેતુ ની દુકાનો તથા કુલ-૮૨ રહેણાંકહેતુ ના ફ્લેટ્સ તથા કોમનપ્લોટમાં ક્લબ-હાઉસના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૦૫-૦૧-૨૦૧૮ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગીના અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-
કલેકટરશ્રી,બિનખેતી શાખા,કલેકટર કચેરી,વડોદરા તરફ જાણ સારૂ.તથા
જીલા નિરીક્ષકશ્રી,જમીન દફ્તર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ

For. COURTYARD INFRASTRUCTURE

Partner

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## વિકાસ પરવાનગી

શ્રી કિશનચંદ બેલારામ અડવાણી તથા અન્ય, મોજે સેવાસી, તા.જી.વડોદરાના,રે.સ.નં.૮૭/૧, બ્લોક.નં.૭૫, ફા.પ્લોટનં.૪૪, ટી.પી.સ્કીમનં.૦૧ (સેવાસી) વાળી જમીનનું ક્ષેત્રફળ ૪૨૭૮.૦૦ ચો.મી. માં બાંધકામ ક્ષેત્રફળ બેઝમેન્ટ પાર્કીગ, ગ્રાઉન્ડ ફલોર ૨૭૦.૯૫+૬૨.૫૯(કલબ-હાઉસ), ફસ્ટ ફલોર ૧૨૬૦.૫૫ ચો.મી., સેકન્ડ ફલોર ૧૨૪૫.૬૪ ચો.મી., થર્ડ ફલોર ૧૨૪૫.૬૪ ચો.મી., ફોર્થ ફલોર ૧૨૪૫.૬૪ ચો.મી., ફિફથ ફલોર ૯૭૩.૨૯ ચો.મી. મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૬૩૦૪.૩૦ ચો.મી.માં ટાવર એ-બીમાં કુલ-૨૦ દુકાનો તથા કુલ-૩૨ રહેણાંકના ફલેટસ તથા ટાવર ડીમાં કુલ-૨૦ રહેણાંકના ફલેટસ તથા ટાવર ઇ-એફમાં કુલ-૩૦ રહેણાંકના ફલેટસ આમ કુલ-૨૦ વાણિજ્યહેતુ ની દુકાનો તથા કુલ-૮૨ રહેણાંકહેતુ ના ફ્લેટ્સ તથા કોમનપ્લોટમાં ક્લબ-હાઉસના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨) હેઠળ આથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

(૧) સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭(સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં ૨ ડી.ફોર્મ નં ૧૫,ફોર્મ ન ૧.સ્ટ્રકચરલ ડીટેલ ડ્રોઇંગ,સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રીપોર્ટ, સાઇટના ફોટોગ્રાફ્સ રજુ કરવાના રહેશે.

(૨) કોમન પ્લોટ તથા તેમા આયોજીત કલબ-હાઉસની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વહેચી શકાશે નહી.કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૩)શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ.તા.૨૭/૭/૧૦ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ કમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ નીજોગવાઇ મુજબ કુલ-૬૪ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

(૫) જી.ડી.સી.આર-૨૦૦૬ ની કલોઝ નં.૩.૬ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) ગુજરાત રીયલ-એસ્ટેટ-૨૦૧૬ ની શરતોનુ અમલ કરવાનુ રહેશે.

(૭) ચીફ ઓફીસરશ્રી (ફાયર), ફાયર બ્રિગેડ, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરાનું "ના-વાંધા પ્રમાણપત્ર" નં.અ.તા.સે.જા.નં. ૨૩૩૩/૨૦૧૭-૧૮,તા.૨૯/૧૨/૨૦૧૭ની શરતોનુ પાલન કરવાનુ રહેશે.(નકલ સામેલ છે.)તથા પ્લીંથચેક સર્ટીફીકેટ મેળવતા પહેલા રીવાઇઝડ કરવાનુ રહેશે.

(૮) ઓક્યુપન્સી સર્ટીફીકેટ મેળવતા પહેલા ફાયનલ ફાયર અંગેનુ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/ ૦૬ /૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા - ૧૮.
તા. ૨૪ /૦૧/૨૦૧૮

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી,બિનખેતી શાખા,કલેકટર કચેરી,વડોદરા તરફ જાણ સારૂ.તથા
જીલા નિરીક્ષકશ્રી,જમીન દફ્તર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ

For. COURTYARD INFRASTRUCTURE

Partner